ખુદના તો શું પારકાંના પણ ભરોસા વાપર્યા છે,
માનતામાં કોઈના મૂકેલા સિક્કા વાપર્યા છે.

તૂટશે હિંમત જો તારી તો નવી લાવીશ ક્યાંથી?
કાચ તૂટ્યો હોય બારીનો તો પૂંઠાં વાપર્યાં છે.

એક નસ કાપીને ભાગી જાય છે લોકો અહીંથી,
કેદખાનામાં બહુ મામૂલી સળિયા વાપર્યા છે!

તું ય ઈશ્વર સૌની માફક મારા ઘરમાં ડોકિયાં કર!
ઘી કયું આવ્યું ને કેવાં દાળ ચોખા વાપર્યા છે?

ચૂકવી ધરપત છતાં સામે કશું પણ મેળવ્યું નહીં,
કોઈએ નહીંતર ખજાનાના ખજાના વાપર્યા છે.

સામટા વરસોને ખોબામાં ઝીલી મુઠ્ઠીઓ વાળી,
એમાં અડધાં ખોઈ નાખ્યા છે ને અડધાં વાપર્યાં છે.

મોર છે પણ મ્હેલવાસીઓથી સુંદર હોય ક્યાંથી!
ચિત્રકારે રંગ તેથી સ્હેજ આછા વાપર્યા છે.

એક સરખી આંખ ચમકે સૌની, પણ છે ફર્ક એમાં,
ના મળ્યા જેને સિતારા એણે તણખા વાપર્યા છે.

કદી લાગે છે ખોટો તો કદી સચ્ચાઈ જેવો છે
તમારી ચીસનો લહેકો જરા શરણાઈ જેવો છે

દશા દેખીને ઘરની, રોજ પોચી થઈ રહી છે છત!
હવે તો માન કે તારો સમય કઠણાઈ જેવો છે

વિચારો, પ્રકૃતિ ને ભાવ તો છે પેટના તાબે
હૃદય ને મનનો તો ઉપયોગ બસ અભરાઈ જેવો છે

કદી કિસ્મત મૂકે છે હાથ માથા પર, તો લાગે છે
કે એનો હાથ કોઈ કામવાળી બાઈ જેવો છે!

ઘણી વેળા પથારીથી ઉતરતા લાગતું એવું
ફરશનો ચોતરફ વિસ્તાર જાણે ખાઈ જેવો છે!

ગ્રહણનો કોઈ પણ કિસ્સો હતો તારા મિલન જેવો
ભલે આકાશમાં બનતો છતાં ગહેરાઈ જેવો છે

ઉઘડશે નામનાની ભૂખ કોના મૂળને ક્યારે!
ઘણાની ઝંખનાઓનો જનમ વડવાઈ જેવો છે

સદાયે ધ્યાન રાખ્યું કે કદી મોટો ન થઈ જઉં હું
કહ્યું’તું એમણે કે ‘તું તો નાનાભાઈ જેવો છે’

મોકલે માંગ્યા વગર ધરપત મને ખુશ રાખવા
એમની બસ આ જ છે આદત મને ખુશ રાખવા

કોઈ કહેજો એને કે ચહેરો તો દેખાડે કદી
રોજ જે કરતો રહે મહેનત મને ખુશ રાખવા

ઘરની અંદર કોઈ શુભ અવસર સમું વર્તે હવે
થઈ ગઈ ચાલાક હોનારત મને ખુશ રાખવા

મોંઘાં મોંઘાં સગપણો નાદાનીમાં તોડું છતાં
એ કદી ક્હેતો નથી કિંમત મને ખુશ રાખવા

એ ક્ષણોની બાળબુદ્ધિ પર સદા હસતો રહું
જે લઈ આવે છે ધનદોલત મને ખુશ રાખવા

'સ્થિરતા' તોફાની મોજાઓનું લક્ષણ તો નથી!
છોડવાના ક્યાં સુધી ફિતરત મને ખુશ રાખવા!

દુઃખ વિદૂષક હોય કોઈ એ રીતે ચાળા કરે
આમ કરશે ક્યાં સુધી ગમ્મત મને ખુશ રાખવા!

સ્મિતનો તો મતલબ જ ભૂલી ગયો છું ક્યારનો
ત્યારથી મથતી રહી કુદરત મને ખુશ રાખવા

એમના મનમાં કવિ હોવું દયાને પાત્ર છે
ખોટી ખોટી આપતા ઈજ્જત મને ખુશ રાખવા

ના આંખ બતાવી છે ના શસ્ત્ર અડાડ્યું છે
જે કૈં મેં બગાડ્યું છે, બોલીને બગાડ્યું છે

ભૂગોળમાં છું કાચો, ના જ્ઞાન દિશાઓનું
તો ક્યાંથી કહું એણે ક્યાં ક્યાંથી વિતાડ્યું છે?

થોડીક ઝડપ મારી આ ચાલમાં આવી છે
આકાશે વજન એનું થોડુંક ઘટાડ્યું છે?

ઠોકરની સમિતિએ પગલાંને ભ્રમિત કરવા
રસ્તાની સફાઈનું અભિયાન ઉપાડ્યું છે

દિનરાત અરીસાને, માથાની થતી ઈર્ષા
ક્યારેય નથી ફૂટ્યું જે રોજ પછાડયું છે!

ટોળામાં હકીમોના છે કોઈ બળતરાવશ
બસ ઘાવ ઉપર ફૂંકો મારીને દઝાડયું છે

સાંજે જો ઘરે ફરતા તું સ્મિતથી પસવારે
ક્યારેક ગમ્યું છે તો ક્યારેક ગમાડ્યું છે

‘બધાયે માનવી સરખા’નો ભ્રમ સાચો નથી પડતો
અમુકની રાહ જોવામાં મને વાંધો નથી પડતો

તમે ફુરસત લઈ આવો તો બીજે ક્યાંક પાડીએ
અહીં પૃથ્વી ઉપર ફોટો બહુ સારો નથી પડતો

હતું બસ આટલું આકાશની ઊંચાઈનું તારણ
પડે છે જેટલો વરસાદ એ તાજો નથી પડતો

સિતારા જેટલા દેખાય છે, તડજોડવાળા છે
ટકે છે એ જ કે જે સૂર્યની સામો નથી પડતો

હતાશા ઊંચકી ભારે પગે છત પર ચઢ્યો હમણા
છે એની છાપ કે જ્યાં જાય ત્યાં પાછો નથી પડતો

હજીયે કૈંક આંખોમાં બચી છે આટલી ધરપત
પડે છે રાત, એવો તો હજી દા’ડો નથી પડતો

જગત પર કેટલો મોટો છે આ ઉપકાર કુદરતનો
પડે જો બદનજર કોઈની તો ડાઘો નથી પડતો

ગલીઓ શહેરની જ્યારે ફરીને દીકરો આવે
ગમે તે વયનો હો, સાંજે ડરીને દીકરો આવે

ગરજતો ક્યાં અને ક્યાં કરગરીને દીકરો આવે!
નથી રસ કોઈને કે શું કરીને દીકરો આવે

ઘણાં મમતાળુ ઝંખે છે છતાં બોલી નથી શકતા
ખભા પર જન્મથી કાવડ ધરીને દીકરો આવે

પરત આવ્યા પછી પણ ક્યાંય એ શોધ્યો નથી જડતો
સિતારા જેમ કોઈનો ખરીને દીકરો આવે

‘નથી એ છેતરાતો કોઈથી’ એવું કહી ખુશ છે!
રમતમાં કોઈને જો છેતરીને દીકરો આવે

જવાની યાદ આવે બાપને ક્યારેક આ જોઈ
હો ખાલી હાથ તો આંખો ભરીને દીકરો આવે

દિલાસો છે ઘસાયેલા ચરણને માની આંખોનો
જુએ છે એમ, રથથી ઉતરીને દીકરો આવે

બચાવી રાજકુંવર લઈ ગયો, ને વારતા પૂરી!
અમે તો રાહ જોઈ કે પરીને દીકરો આવે

હજારો માનતા માની’તી કે બસ દીકરી જન્મે
હવે ઈચ્છે છે કે એ દીકરીને દીકરો આવે

ખબર બસ વ્હેલી કે મોડી પડે છે
ઘણી આંખો વિના આંસુ રડે છે

સડક ઝૂમી જરા પગલાંથી જેના
બધા પારસમણિ એને જડે છે

શિખર પર પ્હોંચતા પટકાઓ નીચે
હવાઓ પીઠ એવી થાબડે છે

કરી એને સહન માથા સુધી મેં
હવે તો ફર્શને આ છત અડે છે

હું વરતું સાવધાની ઘરના દ્વારે
જે રીતે સરહદે સૈનિક લડે છે

અમુક લાલાશ કૈં અમથી ન આવે
ત્વચા આકાશનીયે ઉખડે છે

બચાવી ના શક્યા જે માછલીને
હવે એ ચાર ટીપાં તરફડે છે

અજાણ્યા દેશથી આવ્યો છે શિલ્પી
જે મનસૂબાય મૂર્તિના ઘડે છે

બિનજરૂરી ખાસિયતના દર્દ કૈં ઓછાં હતાં?
સાંધવાની આવડતના દર્દ કૈં ઓછાં હતાં?

હોત જો બાકીના અઠ્ઠાણું તો શું હાલત થતી!
બે ટકાની હેસિયતના દર્દ કૈં ઓછાં હતાં?

બાળપણ પાછું મળેની ઝંખના ક્યાંથી કરું?
એ રમકડાં ને રમતના દર્દ કૈં ઓછાં હતાં?

રોજ ડાઘાઓનો અડ્ડો જામતો નાકા ઉપર
કોઈ રૂપાળી નિયતના દર્દ કૈં ઓછાં હતાં?

કૈંક તારાના લિસોટા આંખમાં પેસી ગયા
દાઝવા માટે જગતના દર્દ કૈં ઓછાં હતાં?

કોઈ આંખે હૂંફ વાંચી કળ વળે છે બે ઘડી
પણ પછી એની વિગતના દર્દ કૈં ઓછાં હતાં?

જો મળે પળપળના તો પણ હોય ના આવા રીઢા
આપણા કોઈ વખતના દર્દ કૈં ઓછાં હતાં?

માર્ગ પર રહેનારની પીડા નહીં સમજાય પણ
છત મળી એને ય છતના દર્દ કૈં ઓછાં હતાં?

જ્યાં ચૂકવ્યું છે એક મજૂરે ઉધારને
આવી છે ચૂંક પેટમાં માલેતુજારને

તાસીર આ જગતની સમજવા કદી કદી
પંપાળવી પડે છે અરીસાની ધારને

તેં નભની વારસાઈ કરી કે નહીં હજી!
આગળ ધપાવે કોણ પછી કારોબારને!

ઘરમાં પછી સમૂહ બળાત્કાર થાય છે
બસ બારણેથી છૂટે પસીનો પગારને

મૃત્યુની પાસે માંગી શકો લાઇટર તમે!
બે આંગળીની વચ્ચે દબાવી સિગારને

સંસાર તારો, ટેવ જો તારી શીખી ગયો
પેદા કરે છે પ્રેમથી ખુદના શિકારને

એ માંદગી સમજતો રહ્યો કેટલા વરસ!
અચરજ થતું'તું સાંભળે જો ઓડકારને

જ્યાં પણ જઈ વગાડી, સિતારા ખરી પડ્યા
તો ચાલતો થયો છું ઉઠાવી સિતારને

મુસીબત જો આવે છે તો આવવા દો
નહીં ખોલીએ દ્વાર, ખખડાવવા દો

ભલે હાર બદલે એ લાવ્યો છે ખંજર
ઉમળકો છે એને તો પ્હેરાવવા દો

જો પાગલ બરાડે તો રોકો ન એને
જરા એની કિસ્મતને ધમકાવવા દો

સતત દોડતી હાંફતી ભીડમાં છું
પડ્યો જીવ હેઠો એ ઉઠાવવા દો

અહેસાન લઉં ક્યાં સુધી કોડિયાના
નથી કૈં જ તો ગોખ સળગાવવા દો

તમારો છે ઈશ્વર, તમારો જ રહેશે
અમારી તરફ આરતી લાવવા દો

ક્ષિતિજ તો ધરા નભની અંગત પળો છે
જો વીંટળાય બે જણ તો વીંટળાવવા દો

આપણી આ વ્યસ્તતામાં મૃત સ્વજનનું દિલ દુભાય છે
બે મિનિટનું મૌન પણ ક્યાં બે મિનિટ પૂરું પળાય છે!

પાણી એનો સાથ છોડી દે છે કાંઠે આવતા સુધી
જાળમાં કોઈની જ્યારે માછલી આવી ફસાય છે

એ તબક્કો હોય છે મોટો તમારી હારજીતનો
હાથથી પાસાં પડ્યાની જેમ કોઈ ઓળખાય છે

એમને દેખીને હસતા કોઈ ભરમાઈ જતા નહીં
ડોળ તરવાનો કરે છે પણ હકીકતમાં તણાય છે

એક આ વાતે જ રસ જાગ્યો છે થોડો કમનસીબીમાં
આપણા જેવા બિચારાથી બિચારા ક્યાં થવાય છે

શબ્દકારો માંડ એમાંથી પછી બે શબ્દ પામતા
માર્ગ પર શબ્દો વિના જ્યારે મહાકાવ્યો રચાય છે

ક્યાંક દોડાદોડ પણ થઈ જાય તો ખોટું નથી
ભૂલથીયે સત્ય જો બોલાય તો ખોટું નથી

સાંભળ્યું છે કે હૃદય અટકી જતું પડતા પ્રથમ
નવમાં દસમાં માળથી કૂદાય તો ખોટું નથી

ઓશિયાળા બાળકો કતરાઈને જોતા શીખ્યા
આપના તહેવાર ના ઉજવાય તો ખોટું નથી

કોઈને બાંધ્યા પછી આઝાદ ખુદ પણ ક્યાં રહી
સાંકળો પણ સાથમાં જકડાય તો ખોટું નથી

હોય છે ચહેરા જુદા સૌ સ્થળના, તાસીર એક છે
એટલે જો ક્યાંય ના પહોંચાય તો ખોટું નથી

એક ખૂણામાંથી સૌના કેન્દ્રમાં આવી જશો
ચોતરફથી વાયરા ફૂંકાય તો ખોટું નથી

ધ્રૂજતા ખોબામાં રહેવાનો સલામત ક્યાં સુધી
બોલ પડતો કોઈ ના ઝીલાય તો ખોટું નથી

જિંદગીએ ઝડપ વધારી છે
ક્યાંક નજદીકમાં પથારી છે!

એમ છૂટા પડે છે વળગીને
જાતને જાતથી ઉગારી છે

તાજગી છે અલગ આ ચહેરાની
રાત આકાશમાં ગુજારી છે

આંસુ જાણે કમાઉ દીકરાઓ
આંખ એના વિના બિચારી છે

હોય ના જ્યાં જગા, વસે ત્યાં પણ
દર્દની એ જ હોંશિયારી છે

છે નહીં જાણ બીજું માર્યાની
એમણે બાજી રોજ મારી છે

એક ટુકડો એ છતનો તોડી લઉં!
જ્યાં કૃપા તારી એકધારી છે